ધોરણ :૯

વિષય : વિજ્ઞાન અને ટેકનોલોજી

નમૂનાનું પ્રશ્નપત્ર(F.A -1માટે)

કુલ ગૂણ: 60

## PART A

દરેક પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો (દરેકના 1 ગૂણ) 30

(1) નીચેના પૈકી કઈ ભૌતિક રાશિને તેના મૂલ્યની સાથે દિશા દર્શાવવી જરૂરી છે ?

(A) ઝડપ (B) પથલંબાઈ (C) સ્થાનાંતર (D) તાપમાન

(2) નિયમિત વર્તુળમય ગતિ કરતા પદાર્થ માટે શું અચળ હોય છે ?

(A) પ્રવેગ (B) વેગ (C) સ્થાનાંતર (D) ઝડપ

(3) 36 km/h જેટલી અચળ ઝડપે ગતિ કરતી ટ્રેનની ઝડપ m/s ના એકમમાં કેટલી થાય?

(A) 10 m/s (B) 90 m/s (C) 1.5 m/s (D) 9 m/s

(4) એકમ સમયમાં ગતિમાન પદાર્થના વેગમાં થતાં ફેરફારને શું કહે છે ?

(A) ઝડપ (B) પ્રવેગ (C) સ્થાનાંતર (D) વેગમાન

(5) ન્યૂટનનો ગતિનો કયો નિયમ બળનું મૂલ્ય આપે છે ?

(A) પહેલો (B) બીજો (C) ત્રીજો (D) એક પણ નહી

(6) નીચેના વાહનોમાંથી કોનું જડત્વ સૌથી ઓછું હશે છે ?

(A) સાઈકલ (B) સ્કૂટર (C) કાર (D) ટ્રક

(7) ઘર્ષણ ઓછું કરવા માટે કયો પદાર્થ વાપરી શકાય નહિ ?

(A) ઓઈલ (B) ગ્રીસ (C) ગુંદર (D) ગ્રેફાઈટ

(8) 6 kg દળનાનું ચંદ્ર પર દળ.........થશે .

(A) 1 kg (B) 6 kg (C) 60 kg (D) 36g

(9) પાણીની ઘનતા ..................... છે .

(A) 1 $kg/m^3$ (B) 1000 $g/cm^3$ (C) 1000 $kg/m^3$ (D) 1 $g/cm^3$

(10) વિષુવવૃત પર પદાર્થનુ વજન, ધ્રુવપ્રદેશ પરના તે પદાર્થના વજન .......હોય છે

(A) જેટલું (B) કરતાં સહેજ વધારે (C) કરતાં સહેજ ઓછું (D) કરતાં 9.8 ગણું

(11) G નું મૂલ્ય પ્રાયોગિક રીતે સૌપ્રથમ.......... એ મેળવ્યું હતું .

(A) ન્યૂટન (B) કેવેન્ડિશ (C) ગેલિલિયો (D) પાસ્કલ

This document was created using Smart PDF Creator
To remove this message purchase the product at www.SmartPDFCreator.com

(12) તાપમાનમાં વધારો કરતાં પદાર્થમાં શો ફેરફાર થાય છે ?

(A) વજન ઘટે છે. (B) વજન વધે છે. (C) કદ ઘટે છે. (D) કદ વધે છે.

(13) સલ્ફરનું અણુસૂત્ર કયું છે ?

(A) $S_8$ (B) $S_2$ (C) $S_4$ (D) S

(14) નીચેનામાંથી જેલ કયું છે ?

(A) ઘી (B) દૂધ (C) વાદળી (D) માખણ

(15) નીચેનામાંથી ક્ષ– કિરણોના શોધક છે ?

(A) વિલાર્ડ (B) રોંજન (C) ચેડવિક (D) રૂથરફોર્ડ

(16) 2, 8, 7 ઈલેક્ટ્રોનિય રચના કયા પરમાણુંમાં મળે ?

(A) Br (B) Cl (C) F (D) I

(17) ચેડવિકે શાની શોધ કરી હતી ?

(A) ક્ષ–કિરણો (B) પ્રોટોન (C) ઈલેક્ટ્રોન (D) ન્યુટ્રોન

(18) નીચેનામાંથી કેથોડ કિરણો માટે સાચું છે ?

(A) ધન વીજભારિત કણો (B) ઋણ વીજભારિત કણો (C) વિકિરણો (D) ઈલેક્ટ્રોનની કિરણાવલી

(19) માનવશરીરમાં સૌથી મોટો કોષ કયો ?

(A) ચેતાકોષ (B) સ્નાયુકોષ (C) મૂત્રપિંડકોષ (D) હૃદયકોષ

(20) આત્મઘાતી કોથળી કઈ અંગિકા છે ?

(A) સેન્ટ્રોઝોમ્સ (B) મેસોઝોમ્સ (C) લાયસોઝોમ્સ (D) ક્રોમોઝોમ્સ

(21) કોષની કઈ અંગિકા ફક્ત વનસ્પતિકોષમાં જોવા મળે છે ?

(A) કણાભસૂત્ર (B) કોષકેન્દ્ર (C) હરિતકણ (D) રીબોઝોમ્સ

(22) વનસ્પતિકોષમાં રસધાનીની ફરતે આવેલી કલાને શું કહે છે ?

(A) રસસ્તર (B) ટોનોપ્લાસ્ટ (C) કોષદિવાલ (D) કોષકેન્દ્રિકલા

(23) હરિતકણ ધરાવતા મૃદુતકના કોષોને શું કહે છે ?

(A) દઢોતક પેશી (B) સ્થૂલકોણકપેશી (C) હરિતકોણકપેશી (D) વાયુતકપેશી

(24) જલવાહકપેશીમાં જીવંત ઘટક કયો છે ?

(A) જલવાહિનિકી (B) જલવાહક તંતુ (C) જલવાહક મૃદુતક (D) જલવાહિની

This document was created using Smart PDF Creator
To remove this message purchase the product at www.SmartPDFCreator.com

(25) એક કરતાં વધુ પ્રકારના કોષો ધરાવતી પેશી એટલે.........

(A) સ્થુલકોણક પેશી (B) સરળ પેશી (C) મૃદુતક પેશી (D) જટિલ પેશી

(26) અસ્થિ એ ......... નું ઉદાહરણ છે.

(A) અધિચ્છદીય પેશી (B) સ્નાયુ પેશી (C) સંયોજનપેશી (D) ચેતાપેશી

(27) સ્નાયુમાં આવેલા વિશિષ્ટ પ્રોટીનને શું કહે છે ?

(A) ગ્લોબ્યુલિન (B) ટયુબ્યુલિન (C) આકુંચક પ્રોટીન (D) વાહક પ્રોટીન

(28) મનુષ્યના રૂધિરમાં રૂધિરરસનું પ્રમાણ.........

(A) 55% (B) 45% (C) 80% (D) 20%

(29) કયો રોગ ચેપી છે ?

(A) કેન્સર (B) મેલેરિયા (C) ડાયાબિટીસ (D) હાઈપર ટેન્શન

(30) કયો રોગ યકૃતના રોગ તરીકે ઓળખાય છે ?

(A) કમળો (B) પ્લેગ (C) મરડો (D) ડાયાબિટીસ

---

## PART B

### Section A

નીચેના પ્રશ્નોના ટુંકમાં જવાબ આપો (દરેકના 2 ગુણ) 10

( 1 ) સમાંગ મિશ્રણ એટલે શું ? બે ઉદાહરણ આપો.

( 2 ) ટિન્ડોલ અસર એટલે શું ? કયાં દ્રાવણો આ અસર દશાવે છે? શા માટે ?

અથવા

( 2 ) $H_2SO_4$ નું આણ્વીય દળ શોધો. [ H = 1, S = 32, O = 16 ]

( 3 ) તફાવતના બે–બે મૂદ્દા આપો : અસ્થિ અને કાસ્થિ

( 4 ) એક મોટરકાર સુરેખ રસ્તા પર શરૂઆતનું 30km અંતર 60km/h અને પછીનું 30km અંતર 90km/h ની નિયમિત ઝડપથી કાપે છે.તેની સરેરાશ ઝડપ શોધો.

અથવા

( 4 ) તફાવતના બે–બે મૂદ્દા આપો : અંતર અને સ્થાનાંતર

( 5 ) ટૂંકનોંધ લખો : ઘનાકાર અધિચ્છદ

### Section B

નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો (દરેકના 3 ગુણ) 12

( 6 ) ગુરૂત્વાકર્ષણનો સાર્વત્રિક નિયમ લખી બે પદાર્થ વચ્ચે લાગતા બળ ગુરૂત્વાકર્ષણનું સુત્ર મેળવો.

This document was created using Smart PDF Creator
To remove this message purchase the product at www.SmartPDFCreator.com

( 7 ) તફાવતના ત્રણ–ત્રણ મૂદા આપો : વનસ્પતિકોષ અને પ્રાણીકોષ

( 8 ) દઢોતક પેશીનાં ચાર લક્ષણો જણાવી કાર્ય લખો.

અથવા

( 8 ) અન્નવાહક પેશીની રચના અને કાર્ય વર્ણવો.

( 9 ) મેલેરિયાનો રોગ કેવી રીતે થાય છે ? તેનાં લક્ષણો જણાવો.

## Section C

નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો (દરેકના 4 ગૂણ) 08

(10) ન્યૂટનનો ગતિનો ત્રીજો નિયમ લખી તેના ત્રણ ઉદાહરણ આપો.

અથવા

(10) ઘર્ષણબળના ફાયદા અને ગેરફાયદા જણાવો.

(11) કેથોડ કિરણોની ઉત્પત્તિ અને તેના ગૂણધર્મો લખો.

બાબુ પટેલ
વિવેકાનંદ વિદ્યાલય,
મુ :પો : જડિયા તા. ધાનેરા
જિ. બનાસકાંઠા

baboogudol@gmail.com

This document was created using Smart PDF Creator
To remove this message purchase the product at www.SmartPDFCreator.com